અપીલ અરજી નં.૩૭૭ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ –શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૪–૧૦–૧૧ની અરજીથી ટી.પી.૩૩ (ડુંભાલ) ફા. પ્લોટ નં.૫૧,ઓ.પી.નં.૨૮,બ્લોક નં.૨૯, તૈયાર થયેલ બાંધકામો બાબતે મુદ્દા નં.(૧)ડુંભાલ તરણકુંડની બાજુમાં આવેલ ઉપરોકત ૨૯ તૈયાર થયેલ બાંધકામો પૈકીના કયા કયા બાંધકામો મંજુર પ્લાન મુજબના છે તેની વિગત આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૭/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૪–૧૦–૧૧ની અરજીથી ટી.પી. ૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૫૧, ઓ.પી. નં.૨૮,બ્લોક નં.૨૯, તૈયાર થયેલ બાંધકામો બાબતે મુદ્દા નં.(૧) ડુંભાલ તરણકુંડની બાજુમાં આવેલ ઉપરોકત ૨૯ તૈયાર થયેલ બાંધકામો પૈકીના કયા કયા બાંધકામો મંજુર પ્લાન મુજબના છે તેની વિગત આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે નકલ સહ વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૦૮૩ તા.૧૬–૧૧–૧૧ થી** સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૪–૧૦–૧૧ ની અરજીથી ટી.પી. ૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૫૧,ઓ.પી.નં.૨૮,બ્લોક નં.૨૯, તૈયાર થયેલ બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી લીંબાયતઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ /આ.નં.૧૨૧૫ તા.૫–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન /મહેકમ/ આ.નં.૨૩૨૬ તા.૧૮–૧૧–૧૧ થી માહિતી આપવામાં આવે છે. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ ડુંભાલ તરણકુંડની બાજુમાં આવેલ ઉપરોકત ૨૯ તૈયાર થયેલ બાંધકામો પૈકીના કયા કયા બાંધકામો મંજુર પ્લાન મુજબના છે તેની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતેજાહેર માહિતી અધિકારી તરફથી " ટી.પી. ૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૫૧, ઓ.પી. નં.૨૮ બ્લોક નં.૨૯ માં અઠવાઝોનની ઓફિસ ધ્વારા ટીડીઓ નં.ડીપી/૧૬૬ તા.૨૭–૯–૦૯ થી પ્લાન મંજુર કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. અને તે મુજબ સ્થળ પર કામગીરી કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨)અહીં તૈયાર થયેલ ગેરકાયદે બાંધકામો વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતો આપશો. આ અરજી સાથે બીડાણ કરેલ લે આઉટ પ્લાનમાં ફકત પ્લોટ પર બાંધકામની મંજુરી આપી હોવાનું જણાય છે. જે સ્થળ પર ખુલ્લી જગ્યા સહિતની તમામ ખુલ્લી જમીન પર બાંધકામો ઉભા કરાયેલ જણાય તો આ ગેરકાયદે બાંધકામો ઉભા કરનાર બાંધકામ ધારકો વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગ તરફથી અત્યાર સુધીમાં કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઓફિસ ધ્વારા પત્ર નં.સા.ઈ.ઝોન/૬૦૪૯ તા.૨૨–૩–૧૦ થી સ્થળ પર થયેલ નિયમ વિરુધ્ધનું બાંધકામ દુર કરવા અંગેની નોટીસ પાઠવવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ગેરકાયદે ઉભા થયેલા આ બાંધકામોની ચકાસણી આપના વિભાગ તરફથી અત્યાર સુધીમાં કયારે અને કેટલીવાર થયેલ છે તથા તે તપાસણી આપના વિભાગના કયા કયા અધિકારી/કર્મચારી ધ્વારા કરવામાં આવી તથા આ તપાસણી દરમ્યાન તે અધિકારી/કર્મચારીએ જે અહેવાલ અથવા નોંધ કરી હોય તેની નકલો સહિતની વિગતો આપશો. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકત જણાવવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ ની અધિકારી ધ્વારા કરવામાં આવેલ તપાસના અહેવાલ કે નોંધની નહીં પૂરી પડાયેલી માહિતી જો દફતરે ઉપલબ્ધ હોય તો તે અથવા તે અંગેની વિગતો અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી રમેશ કે. જાંગીડ